**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)**

**એ.એમ.સી. - મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ ( AMC - MET)**

સરકયુલર નં. ૦૧
તા. ૨૬-૦૮-૨૦૦૯

આથી શેઠ વા.સા. જનરલ હોસ્પિટલ, એલ.જી. જનરલ હોસ્પિટલ તથા શારદાબેન જનરલ હોસ્પિટલના ઈન્ટેન્સીવ પેશન્ટ કેર ક્ષેત્રે ફરજ બજાવતાં સીસ્ટર ઈન્ચાર્જ શ્રીઓને જણાવવાનું કે શેઠ વા.સા. જનરલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં નવા શરૂ થનાર અધ્યતન ટ્રોમા સેન્ટર માટે કુલ ૭ ઈન્ટેન્સીવ કેર નર્સીંગ ઈનચાર્જને કામગીરી સોંપવાની થાય છે. આ માટે નીચે જણાવ્યા મુજબની લાયકાત નક્કી કરવામાં આવેલ છે.

(૧)ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલની માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી બી.એસસી.(નર્સિંગ)ની ડીગ્રી
**અથવા**
જનરલ નર્સિંગ મીડવીફરી ડિપ્લોમા ધરાવનાર **અથવા**
મીડવીફરીનો ટૂંકાગાળાનો કોર્ષ કરેલ હોવા જોઈએ.

(૨) કોમ્પ્યુટરની કવોલીફાઈડ પરીક્ષા પાસ કરી કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) અંગ્રેજી,ગુજરાતી અને હિન્દી લખતાં વાચતાં બોલતા આવડવું જોઈએ.

(૪) બી.એસસી.(નર્સિંગ)ની ડીગ્રી ધરાવનાર માટે ૨૦૦ થી વધુ બેડ ધરાવતી હોસ્પિટલનો ઈન્ટેનસીવ કેરનો સ્ટાફ નર્સ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ
**અથવા**
જનરલ નર્સિંગ મીડવીફરી ડિપ્લોમા ધરાવનાર કે મીડવીફરીનો ટૂંકાગાળાનો કોર્ષ કરેલ માટે ૨૦૦ થી વધુ બેડ ધરાવતી હોસ્પિટલનો ઈન્ટેનસીવ કેરનો સ્ટાફ નર્સ તરીકેનો સાત વર્ષનો અનુભવ

(૫) ઉપરાંત પેશન્ટ કેર અંગેની સંપૂર્ણ જાણકારી.

( ઈન્ટેન્સીવ કેર તરીકેના અનુભવ માટે કેઝ્યુઅલીટી, ઈમરજન્સી, ICCU, ICU, PICU, NICU ખાતે કરવામાં આવેલી સર્વિસનો જ સમય અનુભવ સર્ટીફિકેટના આધારે ધ્યાને લેવામાં આવશે.)

આથી સદરહુ કામગીરી કરવા માટે ઈચ્છુક નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી તા. ૧૦-૦૯-૨૦૦૯ સુધીમાં ડે. ડાયરેકટર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન - મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ (AMC - MET), એન.એચ.એલ. મેડિકલ કોલેજ, વા.સા. હોસ્ટિપલ કમ્પાઉન્ડ, એલીસબ્રીજ - ૩૮૦૦૦૬ ને મળે તે રીતે ખાતા મારફતે અરજીઓ મંગાવવામાં આવે છે.

પસંદગી પામેલ ઉમેદવારોની સદરહુ જગ્યા પર ટ્રાન્સફર / ફાળવણી કરવામાં આવશે.

**ડે. મ્યુનિસિપલ કમિશનર (હોસ્પિટલ)**
**અને**
**સેક્રેટરી AMC - MET**